૯

સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર સંસ્થાને મહાત્મા ગાંધી એવોર્ડ એનાયત કરવા માટે એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક :અજાક-૧૦૨૦૨૧-૧૦૮૫૦-ગ
સચિવાલય, ગાંધીનગર
તા. ૨૯/03/૨૦૨૨

<u>વંચાણે લીધા:</u>

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.03-૦૮-૨૦૧૧ નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૧૧-૧૭૭૨૮૧-ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૭-૦૪-૨૦૧૨ નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૧૧-૧૭૭૨૮૧-ગ

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૪-૦૮-૨૦૧3 નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૧૨-૧૭૭૨૮૧(પાર્ટ-૦૨)-ગ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮-૦૧-૨૦૧૭ નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૧૨-૧૭૭૨૮૧(પાર્ટ-૦૨)-ગ

(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા૨૮/૦૯/૨૦૨૧ નો પત્ર ક્રમાંક : અજાક/છ-૨/૨૦૨૧/૪૧૫૦-૪૧૫૧

<u>આમુખ:</u>

આમુખ ક્રમાંક (૧) થી (૪) માં જણાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવથી મહાત્મા ગાંધી એવોર્ડ માટેની એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની રચના કરવાનો ઠરાવ કરવામાં આવેલ હતો. ત્યારબાદ ક્રમ- (૫) પરના નિયામકશ્રી(અ.જા.ક) ના તા.૨૮/૦૯/૨૦૨૧ ના પત્રથી આ સમિતિની મુદ્દત પુરી થતાં ઉક્ત સમિતિની પુન: રચના કરવા નિયામકશ્રી (અ.જા.ક) એ દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

<u>મહાત્મા ગાંધી એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિ</u>

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| 1. | શ્રી પ્રદિપભાઇ પરમાર<br>માન.મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | અધ્યક્ષ |

| | | |
|---|---|---|
| | | |
| 2. | શ્રીમતી મનીષાબેન વકીલ<br>માન.રા.ક.મંત્રીશ્રી, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| 3. | શ્રી કિરીટભાઈ સોલંકી, સાંસદસભ્યશ્રી | સભ્યશ્રી |
| 4. | શ્રી જેઠાભાઈ વણકર | સભ્યશ્રી |
| 5. | શ્રી સુનીલભાઈ સોલંકી (વડોદરા) | સભ્યશ્રી |
| 6. | શ્રી મુકેશભાઈ પરમાર | સભ્યશ્રી |
| 7. | અધિક મુખ્ય સચિવ/સચિવશ્રી<br>સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | સભ્યશ્રી |
| 8. | નિયામકશ્રી, અનુસૂચિત જાતિઓનું કલ્યાણ | સભ્ય સચિવશ્રી |

આ યોજનાની જોગવાઈ મુજબ, આ એવોર્ડ પસંદગી નિર્ણાયક સમિતિની મુદ્દત ૩ (ત્રણ) વર્ષની રહેશે. જ્યારે એવોર્ડ અંગેની અન્ય શરતો/નિયમો અગાઉના ઠરાવો મુજબ યથાવત રહેશે.

સદર બાબતે સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની મંજૂરી મળેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ડો.રાજેશ.આર.બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના :

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (અ.જા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/ રાજકોટ
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
- સમિતિના સંબંધિત સભ્યશ્રીઓ (નિયામકશ્રી (અ.જા.ક) મારફત)
- સિલેક્ટ ફાઈલ 2022
- ફરજ પરના અધિકારીશ્રી, (કો.સેલ) સા.ન્યા. અધિ. વિભાગ, વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.